# સુરત મહાનગરપાલિકા

## કોવીડ–૧૯ અંતર્ગત હિરા ઉદ્યોગને ચાલુ રાખવા અંગેની માર્ગદર્શિકા / નિયમો

વિશ્વભરમાં ફેલાયેલી કોરોના મહામારીને ફેલાતી અટકાવવા માટે ભારત ભરમાં આશરે ૩ (ત્રણ) મહિનાના તબકકાવાર લાગુ કરવામાં આવેલ લોકડાઉન બાદ જનજીવનને સામાન્ય કરવા તબક્કાવાર અનલોક જાહેર કરવામાં આવેલ. જેમાં વિવિધ વ્યવાસીક પ્રવૃત્તિઓ કરવા છુટછાટ આપવામાં આવેલ. જેના ભાગરૂપે સુરત શહેરના હિરાના કારખાના (પ્રોસેસીંગ યુનિટ) નીચે મુજબના નિયમોનું પાલન કરવાની શરતે ચાલુ રાખી શકાશે.

➢ **વ્યવસાય / કામગીરીના સ્થળ બાબત**:–

- તમામ ડાયમંડ યુનિટ / કારખાનાના ગેટ ઉપર આવતા કામદારોની નોંધણી રજીસ્ટર રાખવું .
- તમામ વ્યવસાયના સ્થળોએ યોગ્ય પ્રમાણમાં નેચરલ ક્રોસ વેન્ટીલેશન મળી રહે તે મુજબની વ્યવસ્થા કરવાની રહેશે. જે યુનિટ/રૂમમાં નેચરલ વેન્ટીલેશન શકય ન હોય તેવા તમામ યુનિટ / કારખાનામાં એગ્ઝોસ્ટ ફેન (પ્રતિ ચો.ફુટ ૦૧ સી.એફ.એમ. કેપેસીટી મુજબ) ફરજીયાત રાખવાના રહેશે. જે સ્થળે/ રૂમોમાં એગ્ઝોસ્ટ ફેન લગાવવાનું શકય ન હોય તેવા સ્થળે/ રૂમોમાં હાજર તમામ વ્યકિતઓએ ફરજીયાત N95 માસ્ક પહેરવાનું રહેશે.
- કારખાના / યુનિટ માં કામ કરનાર કર્મચારીઓ વચ્ચે ૧.૦ મીટર જેટલુ સોશ્યલ ડીસ્ટન્સ જળવાઈ તે મુજબ યુનિટના ફર્નીચર / મશીનરીના લે–આઉટમાં ફેરફાર કરવાનો રહેશે અથવા તે માટે પી.વી.સી.જેવા મટીરીયલના પાર્ટીશન/બેરીયર્સ લગાવવાના રહેશે તથા ફલોર અને દિવાલો ઉપર યોગ્ય અંતરે સર્કલ, લાઈન જેવા માર્કિંગ કરવાના રહેશે.
- કારખાના / યુનિટ / કાર્યસ્થળે ફકત સક્ષમ સત્તા ધ્વારા નકકી કરવામાં આવે તે મુજબના ડીસ્પ્લે મટીરીયલ્સ (કોરોના મહામારી અંગે જાગૃતી લાવવા તથા સાવચેતીના પગલાની જાણકારી આપવા બાબત) જાતે છપાવીને સ્પષ્ટ રીતે જોઈ શકાય તે રીતે લગાવવાના રહેશે.

- કારખાના / યુનિટ / કાર્યસ્થળે  સંપૂર્ણ વિસ્તારને આવરી લે તે મુજબ સીસીટીવી કેમેરા લગાવવાના રહેશે.
- કારખાના / યુનિટ / કાર્યસ્થળે પ્રવેશ  પર પગથી સંચાલિત વોશ બેસીન / સેનીટાઈઝર મુકવાના રહેશે.
- કારખાના / યુનિટ / કાર્યસ્થળે આવેલ તમામ મશીનરી / ફર્નીચરને દરરોજ બે વખત સેનીટાઈઝ કરવાની રહેશે.
- કારખાના / યુનિટ / કાર્યસ્થળના બાથરૂમને દરરોજ દિવસના બે વખત હાયપોકલોરાઈડથી સાફ–સફાઈ  કરાવવાના રહેશે.
- કારખાના / યુનિટ / કાર્યસ્થળે કારીગરો માટે કામગીરીને યોગ્ય જરૂરી પર્સનલ પ્રોટેકશનના સાધન (માસ્ક વિગેરે) ઉપલબ્ધ રાખવાના રહેશે તથા આવા સાધનોના ડીસ્પોઝલ માટે યેલો કલર બેગની વ્યવસ્થા કરવાની રહેશે. આવી ડીસ્પોઝલ બેગનો બાયો મેડીકલ વેસ્ટ ડીસ્પોઝલ સીસ્ટમ મારફત રોજે–રોજ નિકાલ કરવાનો રહેશે.

➢ **વ્યવસાય / કામગીરીની પધ્ધતિ બાબત**:–

- તમામ  ડાયમંડ યુનિટ / કારખાનાનો સમય સરકારશ્રીની ગાઈડ લાઈન (શીફટ વાઈઝ) મુજબ રાખવાનો  રહેશે. બે શીફટની વચ્ચે ઓછામાં ઓછો અધડો કલાકનો સમય અંતરાલ રાખવાનો રહેશે.
- બિમાર અથવા બિમારીના લક્ષણ ધરાવતા તથા ૧૦ વર્ષથી ઓછી કે ૬૦ વર્ષથી વધુ વય ધરાવતા / કોમરબીડ  (હાઈપર ટેન્શન,ડાયાબીટીશ વિગેરે જેવા બિન ચેપી રોગો ધરાવતા) વ્યકિતઓને  કામ ઉપર આવવા દેવાના રહેશે નહી.
- માઈક્રોકન્ટેઈનમેન્ટ વિસ્તારમાંથી કોઈ પણ મજુર / કારીગર કામ ઉપર આવી શકશે નહિં.
- શહેર બહારથી આવતા કોઈ પણ વ્યકિત ૧૪ (ચૌદ) દિવસ કોરન્ટાઈન રહયા પછી જ કામ ઉપર આવી શકશે.
- તમામ  ડાયમંડ યુનિટ / કારખાનામાં કામ કરતા તમામ કર્મચારીઓ તેમજ મુલાકાતીઓની કારખાનાના ગેટ ઉપર રાખેલ રજીસ્ટરમાં  અચુક નોંધણી (નામ, સરનામું, મોબાઈલ નંબર, ઉંમર વિગેરે) કરવાની રહેશે.

- તમામ ડાયમંડ યુનિટ / કારખાનામાં કામ ઉપર આવતા કર્મચારીઓનું આઈ.સી.એમ.આર.ની ગાઈડ–લાઈન મુજબ દરરોજ ૨(બે) વખત ગન વડે થર્મલ સ્ક્રિનીંગ કરી ટેમ્પ્રેચર લેવાનું રહેશે. (કામ ઉપર આવવાના તથા જવાના સમયે )
- તમામ ડાયમંડ યુનિટ / કારખાનામાં કામ કરતા દરેક વ્યકિતઓના પલ્સ ઓકસીમીટરથી દરરોજ ચકાસણી કરી ઓકસીજન લેવલ ૯૫ કરતા ઓછું ન હોય તેની ખાતરી કરવાની રહેશે.
- કામગીરીના સ્થળે ચકાસણીમાં કોઈ વ્યકિત બિમાર જણાય તો આવા કર્મચારીને તાત્કાલિક અન્ય કર્મચારીઓથી અલગ કરી સરકારશ્રીની મેડીકલ હેલ્પ લાઈન (૧૦૪) ને જાણ કરવાની રહેશે તથા આવા વ્યકિતને ઘર / હોસ્પીટલ પહોંચાડવાની વ્યવસ્થા કરવાની રહેશે.
- ડાયમંડ યુનિટ / કારખાનામાં આવવાના સમયે અને જવાના સમયે દરેક કામદાર / સ્ટાફે વારાફરતી ૧.૦ મીટરનું અંતર જળવાઈ રહે તે મુજબ એક પછી એક આવવા જવાનું રહેશે.
- તમામ ડાયમંડ યુનિટ / કારખાનામાં શીફટ શરૂ થવા તેમજ પુરી થવા સમયે ડ્રીલ કરવાની રહેશે. જેમાં કારીગરોને કોરોના મહામારી તેના ફેલાવાની રીત તથા તેના સંક્રમણ થી બચવા લેવા જોગ સાવચેતીના પગલાઓ અંગે માહિતી / માર્ગદર્શન પુરૂ પાડવાનું રહેશે તથા દરેક વ્યકિત આવા તમામ સાવચેતીના પગલા લેશે તે મુજબની શપથ લેવડાવવાની રહેશે તથા જુસ્સા પ્રેરક સુત્રોચ્ચાર કરાવવાના રહેશે.

  **(શપથ :– હું કોરોના મહામારીના સંક્રમણને અટકાવવા માટે સરકારશ્રી ધ્વારા નકકી કરવામાં / સુચવવામાં આવેલ તમામ સલામતીના પગલા લઈશ અને આ મહામારી ફેલાતી અટકાવવામાં મારો ફાળો આપીશ.)**

  **(સૂત્રોચ્ચાર :– હારસે કોરોના જીતસે સુરત, એક લક્ષ હમારા હે કોરોના કો હરાના હે.)**
- તદઉપરાંત માર્કેટ સવારે શરૂ થાય ત્યારે વંદે માતરમ તથા સાંજે બંધ થવાના સમયે રાષ્ટ્રગીતનું ગાન કરવાનું રહેશે.
- ડાયમંડ યુનિટ / કારખાનાના તમામ કર્મચારીઓને ભારત સરકારશ્રીની આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરાવવાની રહેશે.

- ડાયમંડ યુનિટ / કારખાનાના તમામ કર્મચારીઓએ સરકારશ્રીની ગાઈડ–લાઈન મુજબ ફરજીયાત માસ્ક પહેરવાનું રહેશે તેમજ સોશ્યલ ડીસ્ટન્સ જાળવવાનું રહેશે.
- ડાયમંડ યુનિટ / કારખાનાના તમામ કર્મચારીઓએ સરકારશ્રીની ગાઈડ–લાઈન મુજબ અવાર–નવાર સેનેટાઈઝર/હેન્ડવોશ નો ઉપયોગ કરવાનો રહેશે.
- ડાયમંડ યુનિટ / કારખાનામાં એક ઘંટી પર એક જ રત્નકલાકાર બેસી શકશે.
- તમામ ડાયમંડ યુનિટ / કારખાનાના સીસીટીવી કેમેરા દરરોજ ચાલુ રાખવાના રહેશે અને તેનું દિવસવાર રેકોર્ડીગ રાખવાનું રહેશે તથા સક્ષમસત્તા ધ્વારા ચકાસણી દરમ્યાન રેકોર્ડીગ માંગવામાં આવે ત્યારે આવા રેકોર્ડીગ રજુ કરવાના રહેશે.
- કોઈપણ સંજોગોમાં ડાયમંડ યુનિટ / કારખાનાઓમાં કેન્ટીન / ભોજનાલય વ્યવસ્થા રાખી શકાશે નહી કે સમુહમાં ભોજન કરી શકાશે નહી.
- ડાયમંડ યુનિટ / કારખાનામાં હિરાના પેકેટને ઝીપલોક પ્લાસ્ટીક બેગમાં રાખી એક બીજાને આપતા પહેલા સેનેટાઈઝ કર્યા બાદ જ ઉપયોગમાં લેવાના રહેશે.
- તમામ ડાયમંડ યુનિટ / કારખાનામાં કામ કરતા દરેક રત્નકલાકારો પોતાના યુનિટ / કારખાનાની આજુ–બાજુ / નજીકમાં આવેલ પાન–માવા અને ચા ની લારી–ગલ્લા કે દુકાનોમાં ચા પીવા કે પાન માવા ખાવા માટે જઈ શકશે નહી.
- તમામ ડાયમંડ યુનિટ / કારખાનામાં કર્મચારી / સ્ટાફ સરકારશ્રીની ગાઈડ–લાઈનનું સંપૂર્ણપણે પાલન કરેલ છે કે કેમ તે માટે એક વ્યકિતનીકોરોના વોરીયર / માસ્ટર ટ્રેનર તરીકે નિમણુંક કરવાની રહેશે. આ રીતે નિયુકત થયેલ વ્યકિતનું ઓળખ સહિતનો ફોટો યુનિટ / કારખાનામાં સ્પષ્ટરીતે જોઈ શકાય તે રીતે લગાવવાનો રહેશે. સદરહું વ્યકિત ધ્વારા જે તે દિવસ દરમ્યાન સંસ્થા ધ્વારા તથા કર્મચારીઓ ધ્વારા ઉપરોકત તમામ નિયમોનું પાલન થયેલ છે કે કેમ? તેનું સેલ્ફ વેરીફીકેશન કરી તે અંગેનું ચેકલીસ્ટ નિભાવવાનું રહેશે.
- ઉપરોકત નિયમો સિવાય સરકારશ્રી ધ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતા માર્ગદર્શક નિયમો/ સુચનાઓનું પણ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

## ➢ **પ્રોત્સાહક / શિક્ષાત્મક પગલાઓ :–**

- o સક્ષમ સત્તા ધ્વારા ગમે તે સમયે આવા ચાલુ યુનિટ / કારખાનાઓનું સરપ્રાઈઝ ચેકીગ કરવામાં આવશે. આવા ચેકીગ દરમ્યાન જો ઉપરોકત નિયમોનું પાલન થતું ન હોવાનું જણાશે તો આવા યુનિટ / કારખાનાઓ ઉપર શિક્ષાત્મક કાર્યવાહી / રોકડ દંડ કરવામાં આવશે.
- o સક્ષમ સત્તા ધ્વારા ગમે તે સમયે આવા ચાલુ યુનિટ / કારખાનાઓમાં કારીગરોનું એન્ટીજન ટેસ્ટ કરવામાં આવશે. આવા પરિક્ષણમાં જો (૧) ૧૦૦ ઘંટીઓ ધરાવતા કારખાનાઓમાં ૨(બે) વ્યકિતઓ, (૨) ૧૦૦ થી વધુ અને ૫૦૦ સુધી ઘંટીઓ ધરાવતા કારખાનાઓમાં ૫(પાંચ) વ્યકિતઓ અને (૩) ૫૦૦ થી વધુ ઘંટીઓ ધરાવતા કારખાનાઓમાં ૧૦(દસ) વ્યકિતઓ સંક્રમિત થશે તેવા કારખાનાઓને સંપુર્ણપણે બંધ કરાવવામાં આવશે.
- o સક્ષમ સત્તા ધ્વારા કરાયેલ ચકાસણીમાં જે સંસ્થાઓમાં ઉપરોકત તમામ નિયમોનું પાલન થતું હોવાનું જણાશે તથા એકપણ સંક્રમિત વ્યકિત ન મળે તેવી યુનિટ / કારખાનાઓને કોવીડ સેફટી એક્રેડીટેશન આપવામાં આવશે.

**હુકમથી,**

**ટીડીઓ/આ.નં.૮૦૬**
**તા.૧૦/૦૭/૨૦૨૦**

**-Sd/-**
**ઈ.ચા.નગર નિયોજક**
**શહેર વિકાસ (મધ્યસ્થ) ખાતુ**
**સુરત મહાનગરપાલિકા**